## સંક્ષિપ્ત સમાચાર

### દાહોદની સરકારી પોલિટેકનિક, દાહોદમાં બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન




**દાહોદ :** દાહોદ, સરકારી પોલિટેકનિકમાં તારીખ ૨૫/૦૩ /૨૦૨૬ ના રોજ એન.એસ.એસ. અને ઇન્ડિયન રેડ ક્રોસ સોસાયટી, દાહોદ જિલ્લા શાખાનાં સંયુક્ત ઉપક્રમે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું જેમાં બહોડી સંખ્યામાં રક્તદાતાઓએ ભાગ લીધો. ઇન્ડિયન રેડ ક્રોસ સોસાયટી, દાહોદનાં ખજાનચી જવાહરલાલ શાહ દ્વારા બ્લડ ડોનેશન માટે માર્ગદર્શન પૂરું પાડયુ અને તેને લગતી વિવિધ ભ્રમણાઓ દુર કરીને વિદ્યાર્થીઓનાં ઉત્સાહ માં વધારો કર્યો. આ ઉપરાંતરાજ્ય રેડ ક્રોસ સોસાયટીના પ્રતિનિધિ સાબિર એ. શેખ દ્વારા પ્રેરક વ્યાખ્યાન આપવામાં આવ્યુ. ત્યાર બાદ એન.એસ. એસ. કોર્ડીનેટર સિધ્ધી.કે.શેઠ દ્વારા રેડ ક્રોસ સોસાયટીના વિવિધ કાર્યક્રમોથી વિદ્યાર્થીઓને માહીતગાર કરવામાં આવ્યા અને વિદ્યાર્થીઓને તેમાં જોડાવા માટે પ્રેરણા આપવામાં આવી. જેમાં ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓ, અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા.

### કાલોલના વેરાઈ માતાજીના ૧૨મા પાટોત્સવ નિમિત્તે નવચંડી યજ્ઞ અને મહાપ્રસાદીનું આયોજન



**કાલોલ :** કાલોલ નગરના કલાલ ઝાપા વિસ્તારમાં બિરાજમાન દશાલાડ જ્ઞાતિના કુળદેવી શ્રી વેરાઈ માતાજીના ૧૨ મા પાટોત્સવ ની આજે ચૈત્ર સુદ સાતમના પવિત્ર દિવસે ભારે ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે નવચંડી યજ્ઞ અને પૂજ્ય પાદ ગોસ્વામી ૧૦૮ શ્રી કુંજેશકુમારજી મહારાજશ્રીના આશીર્વચનનો લ્હાવો ભક્તોએ લીધો હતો. બુધવારે સવારે ૯:૦૦ કલાકે શાસ્ત્રોક્ત વિધિ સાથે નવચંડી યજ્ઞનો પ્રારંભ થયો હતો, જેમાં સાંજે ૬:૦૦ કલાકે શ્રીફળ હોમવામાં આવ્યું હતું. ધર્મસભાઃ પૂજ્ય પાદ ગો. ૧૦૮ શ્રી કુંજેશકુમારજી મહારાજશ્રી એ વિશેષ ઉપસ્થિત રહી માતાજીની આરતી ઉતારી આશીર્વચન પાઠવ્યા હતા.રાત્રિના સમયે દશાલાડ જ્ઞાતિની વાડી ખાતે જ્ઞાતિ સમસ્ત માટે મહાપ્રસાદીનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.પોતાના ઉદ્બોધનમાં શ્રી કુંજેશકુમારજી મહારાજશ્રીએ જીવનમાં 'સહજતા' નું મહત્વ સમજાવતા ખૂબ જ સચોટ ઉદાહરણ આપ્યું હતું.

### કાલોલ કોમ્યુનિટી હોલ ખાતે સ્થાનિક સ્વરાજ્યની સામાન્ય ચૂંટણી ભાજપાની બેઠક યોજાઇ



**કાલોલ :** કાલોલ તાલુકાની સ્થાનિક સ્વરાજ્યની સામાન્ય ચૂંટણી 2026 અંગે કાલોલ કોમ્યુનિટી હોલમાં બેઠક યોજાઈ જેમાં પ્રદેશ તેમજ જિલ્લા ની વિવિધ રણનીતિ અંગે માર્ગદર્શન થયું. જેમાં જિલ્લા મહામંત્રી નરેન્દ્ર સિંહ ગોહિલ, જિલ્લા ચૂંટણી ઈન્ચાર્જ ડો યોગેશ પંડ્યા, કાલોલ તાલુકા મંડળ પ્રભારી મેહુલ પટેલ, મણીબેન, જિલ્લા ઉપાધ્યક્ષ રશ્મિકાબેન વિશેષ માર્ગદર્શન આપવા ઉપસ્થિત રહ્યા હતા. તાલુકા ના ભાજપ પ્રમુખ મહીદીપ સિંહ, મહામંત્રીઓ અને તાલુકા ની ટીમ દ્વારા ખૂબ સરસ આયોજન કરવામાં આવ્યું અને આવનાર સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણી માં ભાજપ ને તમામ શિટો પર ભવ્ય વિજય અપાવવાની યોજના બનાવી એક સાથે કટિબદ્ધ થયા હતા.

### કાલોલના પ્રસિદ્ધ મહાકાળી મંદિર ખાતે ચૈત્રી નવરાત્રી નિમિત્તે 125 કુંવારિકાઓનું પૂજન કરાયું



**કાલોલ :** ચૈત્રી નવરાત્રીના પવિત્ર અવસરે શક્તિ ઉપાસનાના ભાગરૂપે કાલોલના પ્રસિદ્ધ મહાકાળી મંદિર ખાતે એક ભવ્ય કન્યા પૂજનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. પંચમહાલ જિલ્લા મહિલા મોરચાના પ્રમુખ શેફાલીબેન ઉપાધ્યાય દ્વારા આ ભક્તિમય આયોજન કરવામાં આવ્યું હતુ. પંચમહાલ જિલ્લા મહિલા મોરચાના પ્રમુખ શેફાલીબેન ઉપાધ્યાય.આ પ્રસંગે કુલ ૧૨૫ જેટલી કુંવારિકાઓ (નાની બાળાઓ) નું શાસ્ત્રોક્ત વિધિ મુજબ પૂજન કરવામાં આવ્યું હતું. કાલોલ સ્થિત સુપ્રસિદ્ધ મહાકાળી માતાજીનું મંદિર ખાતે કન્યા પૂજન બાદ તમામ બાળાઓને શ્રદ્ધાપૂર્વક ભોજન કરાવી ભેટ-સોગાદો અર્પણ કરવામાં આવી હતી.ચૈત્રી નવરાત્રીમાં કન્યા પૂજનનું વિશેષ મહત્વ રહેલું છે, જેને ધ્યાનમાં રાખીને શેફાલીબેન ઉપાધ્યાય દ્વારા આ સેવાયજ્ઞનું આયોજન કરાયું હતું.

---

**આઠમનો હવન પારંગત શાસ્ત્રીઓ અને ભૂદેવ દ્વારા શાસ્ત્રો વિધિ વિધાન મુજબ યોજાયો**

# પાવાગઢમાં આઠમાં નોરતે ભક્તોનું ઘોડાપૂર

**યાત્રાળુઓ માટે તંત્ર અને મંદિર ટ્રસ્ટ દ્વારા ખાસ સુવિધા કરાઇ**

(પ્રતિનિધિ) હાલોલ, તા.26 પંચમહાલ જિલ્લાના પાવાગઢ ખાતે આવેલ પ્રસિદ્ધ યાત્રાધામ મહાકાળી મંદિર ખાતે ચૈત્રી નવરાત્રીના પવિત્ર પર્વ દરમિયાન ભક્તોની ભારે ભીડ ઉમટી રહી છે.નવરાત્રીના આઠમા નોરતે વહેલી સવારથી જ લાખોની સંખ્યામાં યાત્રાળુઓ માતાજીના દર્શનાર્થે પાવાગઢ ડુંગર પર પહોંચ્યા હતા. પાવાગઢ મહાકાળી મંદિર 51 શક્તિપીઠોનું એક શક્તિપીઠ પાવાગઢ ગણવામાં આવે છે ત્યારે વર્ષભર ભક્તોનો પ્રવાહ રહે છે, પરંતુ ખાસ કરીને નવરાત્રી અને પૂનમ જેવા પ્રસંગોએ ભીડમાં નોંધપાત્ર વધારો થાય છે. ચૈત્રી નવરાત્રી દરમિયાન દરરોજ લાખો ભક્તો માતાજીના દર્શન માટે આવે છે.આઠમના શુભ દિવસે માતાજીના દર્શન માટે અનેક યાત્રાળુઓ પગપાળા ચઢાણ કરીને મંદિરે પહોંચતા જોવા મળ્યા હતા. ભક્તોમાં અનન્ય શ્રદ્ધા અને ભક્તિનો માહોલ જોવા મળ્યો હતો. વહેલી સવારે મંદિરના દ્વાર ખુલતા જ દર્શન માટે લાંબી કતારો લાગી ગઈ હતી. સમગ્ર પર્વ દરમિયાન પાવાગઢ ડુંગર પર ભક્તિમય વાતાવરણ છવાયું છે અને "જય મહાકાળી"ના નાદથી આખું મંદિર પરિસર વિસ્તાર ગુંજી ઉઠ્યું હતું. ચૈત્રી નવરાત્રીમાં માતાજીના અનુષ્ઠાન કરતા વિદેશી માય ભક્તો પણ માતાજીના દર્શને પધાર્યા હતા.



**આઠમે પગપાળા યાત્રીઓ ઉમટ્યા**

પાવાગઢને જોડતા રસ્તા ઉપર વિસામાના મંડપો લાગી ચૂક્યા હતા અને જેમકે ગોધરા રોડ એબેક્સ સ્ટીલ આગળ સ્વર્ગસ્થ કપાસી સાહેબની યાદમાં જય માતાજી ગ્રુપ ધારા છેલ્લા 18 વર્ષથી 24 કલાક નવે નવ દિવસ શેરડીનો તાજો ઠંડો રસ માઈ ભક્તોને પીવડાવી સેવા કરવામાં આવે છે.



---

**રાજ્યમાં PSIમાંથી PI તરીકે બઢતી પામેલા 254 અધિકારીઓને નવા પોસ્ટિંગ અપાયા**

# પંચમહાલ જિલ્લાના ચાર અધિકારીઓની અન્ય સ્થળે નિમણૂંક કરવામાં આવી

**ઉચ્ચ કક્ષાએથી થયેલા આ હુકમ મુજબ, તમામ પોલીસ ઇન્સ્પેક્ટરોને નિમણૂંક વાળી જગ્યાએ હાજર થવા તાત્કાલિક છુટા કરવાના રહેશે**

(પ્રતિનિધિ) ગોધરા, તા.26 ગુજરાત રાજ્ય પોલીસ દળમાં ફરજ બજાવતા બિન હથિયારી પોલીસ સબ ઈન્સ્પેક્ટર વર્ગ-૩ માંથી પોલીસ ઈન્સ્પેક્ટર વર્ગ-૨ તરીકે હંગામી ધોરણે અગાઉ બઢતી પામેલા કુલ 254 જેટલા અધિકારીઓને નવા સ્થળે નિમણૂંક આપવાના સત્તાવાર હુકમ રાજ્યના પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીની કચેરી દ્વારા બહાર પાડવામાં આવ્યા છે. અગાઉના વિવિધ હુકમોથી પ્રમોશન મેળવી ચૂકેલા આ અધિકારીઓનું હવે નિમણૂંક સાથે પોસ્ટિંગ કરવામાં આવ્યું છે. જેમાં પંચમહાલ જિલ્લામાં ફરજ બજાવતા ૪ પોલીસ અધિકારીઓને પણ પીઆઈ તરીકે અન્ય જિલ્લાઓમાં મુકવામાં આવ્યા છે. પંચમહાલ જિલ્લામાંથી બઢતી પામીને અન્યત્ર નિમણૂંક મેળવનાર અધિકારીઓમાં પ્રવિણાબેન કમલેશકુમાર તબિયાર, રાજદીપસિંહ જશુભા જાડેજા, જયદિપકુમાર વિષ્ણુલાલ પટેલ અને સતિષકુમાર લીમજીભાઈ કામોળનો સમાવેશ થાય છે. પ્રાપ્ત માહિતી અનુસાર, પંચમહાલમાં ફરજ બજાવતા પ્રવિણાબેન કમલેશકુમાર તબિયારની નિમણૂંક સી.આઈ.ડી. ક્રાઈમ ખાતે કરવામાં આવી છે. આ ઉપરાંત રાજદીપસિંહ જશુભા જાડેજાને પંચમહાલથી છોટાઉદેપુર ખાતે નવી નિમણૂંક આપવામાં આવી છે. જ્યારે અન્ય બે અધિકારીઓ જયદિપકુમાર વિષ્ણુલાલ પટેલ અને સતિષકુમાર લીમજીભાઈ કામોળને પંચમહાલથી પાડોશી જિલ્લા મહિસાગર ખાતે મુકવામાં આવ્યા છે.

**ગોધરાના કાંકણપુર પોલીસ સ્ટેશનમાં પી.આઈ તરીકે ફરજ બજાવતા એસ. એલ. કામોળની મહિસાગર જિલ્લામાં બદલી**



ગોધરા : ગુજરાત રાજ્ય પોલીસ દળમાં તાજેતરમાં પીએસઆઈમાંથી પીઆઇ તરીકે હંગામી ધોરણે બઢતી પામેલા અધિકારીઓના નવા પોસ્ટિંગના આદેશો જારી કરવામાં આવ્યા છે. આ સામુહિક બદલીઓના આદેશ અંતર્ગત ગોધરા તાલુકાના કાંકણપુર પોલીસ સ્ટેશનમાં પોલીસ ઇન્સપેક્ટર તરીકે ફરજ બજાવતા સતિષકુમાર લીમજીભાઇ કામોળને પંચમહાલથી પાડોશી જિલ્લા મહિસાગર ખાતે મુકવામાં આવ્યા છે.

---

**તેરા તુજકો અર્પણ અભિયાન**

## અરજદારોના ગુમ થયેલા 6 મોબાઈલ શોધી પરત કરતી કાલોલ પોલીસ



(પ્રતિનિધિ) કાલોલ, તા.26 પંચમહાલ જિલ્લાના ઉચ્ચ પોલીસ અધિકારીઓ તેમજ હાલોલ DYSP વી.જે.રાઠોડ ના માર્ગદર્શન હેઠળ તેરા તુજકો અર્પણ અંતર્ગત જેમાં કાલોલ પંથકમાં છ લોકોના ગુમ થયેલા મોબાઈલ ગુમ થયેલી અરજીઓ ને લઈ સર્વેલન્સ ટીમના પોલીસ કર્મચારીઓએ ટેકનિકલ રીતે તેમજ વિવિધ રીતે તપાસ હાથ ધરી શોધી આપી જે લોકો માટે મોંઘા અને અનમોલ કહી શકાય તેવા ગુમ થયેલ મોબાઈલ ફોન તેવા લોકોને શોધી તેઓને પોલીસના તેરા તુજકો અર્પણ કાર્યક્રમ અંતર્ગત કાલોલ પોલીસ સ્ટેશન નાં પોલીસ ઈન્સ્પેક્ટર આર.ડી. ભરવાડ એ કાલોલ પોલીસ સ્ટેશન વિસ્તાર માં ગુમ થયેલ કુલ અલગ અલગ છ ઈસમો નાં મોબાઈલ ફોન ગુમ તેમજ ચોરી માં ગયેલ હોય જેની તપાસ કરવા CEIR પોર્ટલ માં મોબાઈલ ની જરૂરી માહિતી અપલોડ કરી ટેકનીકલ સોર્સીસ નાં આધારે મોબાઈલ ફોન શોધવાની કામગીરી કરેલ જે આધારે કુલ -૦૬ મોબાઈલ જેની કુલ કિંમત રૂ.૧,૫૫,૦૦૦/- નો મુદામાલ રીકવર કરી મોબાઈલ નાં મૂળ માલિકો ને તેરા તુજકો અર્પણ કાર્યક્રમ અંતર્ગત કાલોલ પોલીસ મથકે મોબાઈલો પરત સોપવામાં આવેલ છે.

---

**કાલોલ નગરપાલિકાની સામાન્ય સભા યોજાઇ**

# પાલિકાના કાઉન્સિલરોએ પોતાના વિસ્તારના રસ્તા બાબતે ચર્ચા કરી

(પ્રતિનિધિ) કાલોલ, તા.26 કાલોલ નગરપાલિકાની આજે સામાન્ય બજેટ બેઠક મળી જેમાં નગરપાલિકાના પ્રમુખ હસમુખભાઈના અધ્યક્ષ સ્થાને આ બેઠક મળી હતી આ બેઠકમાં બજેટ સર્વાનુમતે મંજુર કરવામાં આવ્યું હતું.

કાલોલ નગરપાલિકામાં કુલ 28 બેઠકો છે આ બજેટ બેઠકમાં રોડ રસ્તા અને પાલિકાના અન્ય વિવિધ પ્રશ્નો ને લઈ સભા ઉગ્ર બની હતી વોર્ડ નંબર 2 માં છેલ્લા કેટલાય મહિનાઓથી રોડ બનાવવાના મુદ્દે નાગરિકો અને પાલિકા વચ્ચે એક યુદ્ધ જેવી સ્થિતિ સર્જાય છે આ વોર્ડનાં સભ્યોએ આ બજેટ બેઠકમાં પોતાના રસ્તાઓના પ્રશ્નો વિશે ધારદાર રજૂઆત કરી હતી આજરોજ નગરપાલિકાના સભાખંડમાં બપોરના ચાર અને 15 કલાકે બોલાવવામાં આવી હતી. જેમાં સને 2026.27 નું અંદાજિત 40,16,67,000 ની આવક અને રૂપિયા 40,10,37,000 ખર્ચના અંદાજ સાથે રૂપિયા 6 લાખ 30 હજાર ની પુરાંત વાળું અંદાજપત્ર સર્વનું મતે મંજૂર કરવામાં આવ્યું હતું ચીફ ઓફિસર સંજયભાઈ પટેલ અને એકાઉન્ટન્ટ તખતસિંહભાઈ આ સભામાં હાજર રહી બજેટ સભા પૂર્ણ કરી હતી



---

**રામ નવમી નિમિતે કાલોલમા પોલીસ જવાનો દ્વારા ફુટ માર્ચ યોજાઈ. બોંબ ડિસ્પોઝલ સ્ક્વોર્ડ દ્વારા સઘન તપાસ યોજાઈ**



**કાલોલ :** રામનવમી ના પર્વની તૈયારીઓની વચ્ચે આજ રોજ કાલોલ પોલીસ સ્ટેશન ના સિનિયર પીઆઇ આર.ડી ભરવાડ , પીએસઆઈ એલ એ પરમાર, પોલીસ સ્ટાફ જવાનો એ પોલીસ મથકે થી ફુટ માર્ચ યોજી હતી જે સમગ્ર કાલોલ નગરમાં ફરી પોલીસ સ્ટેશન ખાતે પરત આવી હતી.રામજી મંદિર થી નીકળનાર શોભાયાત્રા ના રૂટ નુ નિરીક્ષણ કરી ફુટ માર્ચ કર્યું. પોલીસ ટીમ સાથે બોંબ ડિસ્પોઝલ સ્ક્વોર્ડ ની ટીમ દ્વારા પણ સમગ્ર રૂટ નુ નિરીક્ષણ કરી મહાલક્ષ્મી મંદિરમાં તેમજ ધર્મસભા સ્થળ ઉપર સ્ટેજ ની તમામ જગ્યાનુ ઝીણવટભર્યું નિરીક્ષણ કર્યું હતું.શોભાયાત્રા દરમ્યાન જરૂરી પોઈન્ટ ની ચકાસણી કરી અને સંપૂર્ણ શાંતિપૂર્ણ રીતે રામનવમી ની શોભાયાત્રા પરિપૂર્ણ થાય તે માટે ના સંદેશ પણ આપ્યા હતા.

---

# ભાજપના મહિલા મંત્રીના પતિ સામે ગેરકાયદેસર દબાણને લઈ ધારધાર રજૂઆત: માહોલ ગરમાયો

**ઢેડીયા ગ્રુપગ્રામ પંચાયતમાં સરકારી ગામતળ તેમજ માલિકીની જગ્યામાં રાતોરાત સીસી રસ્તો બનાવી દેતા TDO ને રજૂઆત**

(પ્રતિનિધિ) દાહોદ, તા.26 સંજેલી તાલુકામાં સરકારી પડતર, ગામતળ,ગૌચર કે ખરાબાની જમીનમાં ગેરકાયદેસર બાંધકામનો રાફડો ફાટ્યો પ્રશાસન દ્વારા દબાણ દૂર ન કરાતા જવાબદાર અધિકાર સામે અનેક સવાલ ઉભા હોવાનું ચર્ચાઇ કહ્યું છે. ઢેડીયા ગ્રુપગ્રામ પંચાયતમાં સરકારી ગામતળ તેમજ માલિકીની જગ્યામાં રાતોરાત ગેરકાયદેસર રસ્તો બનાવીયો હોવાની રજૂઆત કરવામાં આવતા દોડધામ મચી જવા પામી.અરજદારે ભાજપા મહિલા મંત્રીના પતિ તેરસીંગભાઈ રાઠોડ પર આક્ષેપ કર્યો કે ભાજપના મોટા તમામ નેતાઓ અને મંત્રીઓ મારા છે તારે જ્યાં રજુવાત કરવા જવું હોય ત્યાં રજૂઆત કર જેવી ધમકી આપી હોવાની મીડિયા સમક્ષ દલુભાઈ રાઠોડનું નિવેદન સામે આવીયુ. સરકારી ગામતળ તેમજ માલિકીની જગ્યા પર ગેરકાયદેસર રસ્તો બનાવતા તાલુકા વિકાસ અધિકારીને લેખિત રજૂઆત કરી કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી.એક બાજુ ગેરકાયદેસર રસ્તો બનાવતા હોવાની રજૂઆત કરવામાં આવી છે ત્યારે બીજી બાજુ મેટલ નાખી રાતોરાત રસ્તો બનાવી દેવામાં આવતા પ્રશાસન પર અનેક પ્રશ્નો ઉઠ્યા. પંચાયતની પરવાનગી વગર ગેરકાયદેસર રસ્તો બનાવી દેવાયો છતાં તંત્ર ઘોરનિંદ્રામાં હોય તેમ લાગી રહ્યું છે. સીએમ ભુપેન્દ્ર પટેલ નો સરકારી ગમતળની જગ્યા પર દબાણ દૂર કરવાના પરિપત્રને પણ અવગણ કરાઈ. ઢેડીયા ગ્રુપ ગ્રામ પંચાયતમાં સર્વે નંબર એક વાળી સરકારી ગામતળ જમીન તેમજ માલિકીની સર્વે નંબર 186 માં ગેરકાયદેસર મકાન રસ્તો બનાવતા દલુભાઈ કાળુભાઈ રાઠોડએ તાલુકાના દ્વાર ખખડાવી લેખિત રજૂઆત કરી કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે.

**શુ કહે છે તલાટી ?**

ઢેડીયા પંચાયતમાં ગામતળ ની જમીન સર્વે નંબર એક અને જૂનો સર્વે નંબર 95 માં માટી મેટલ રસ્તો બનતા રજૂઆત ને લઈ સ્થળ તપાસ કરી અહેવાલ તાલુકા કક્ષાએ મોકલી આપવામાં આવ્યો છે નવીન સીસી રોડ માટે પંચાયતની મંજૂરી લેવામાં આવી નથી. - **તલાટી કૈલાશબેન ભાભોર.**

---

## પાટડીયા પ્રાથમિક શાળામાં મદદનીશ શિક્ષકનો વિદાય સમારોહ યોજાયો



(પ્રતિનિધિ) હાલોલ, તા.26 સુખસર તાલુકાના ભોજેલા ગામના એક સંસ્કારી અને શિક્ષણ પ્રેમી પરિવારમાં તારીખ 23/12/ 1967 ના રોજ પિતા મનસુખભાઈ જેઠાભાઈ પટેલ તથા માતા જશોદાબેનના પુત્રી કૈલાસબેન પટેલનો જન્મ થયો હતો.જેઓ માતા-પિતાના સ્નેહ સંસ્કાર અને માર્ગદર્શનથી શિક્ષણ અને સેવા ભાવનાના બીજ વાવવામાં આવ્યા હતા. કૈલાશબેન પટેલે વતન ભોજેલા પ્રાથમિક શાળામાં પ્રાથમિક શિક્ષણ પ્રાપ્ત કર્યું હતું. અને ત્યારબાદ સુખસર કૃષિ શાળામાં ધોરણ છ થી સાત સુધી અભ્યાસ કર્યો હતો.માધ્યમિક શિક્ષણ પૂર્ણ કર્યા બાદ 1988 માં મહિલા અધ્યાપન મંદિર બાપુનગર અમદાવાદ ખાતે અભ્યાસ પૂર્ણ કરીને શિક્ષણ ક્ષેત્રે સેવા આપવા માટે પોતાને સમર્પિત કર્યા હતા.